| | | |
|---|---|---|
| રજૂ તારીખ | : | ૦૨.૦૩.૨૦૨૬ |
| દાખલ તારીખ | : | ૦૨.૦૩.૨૦૨૬ |
| ફેંસલ તારીખ | : | ૧૨.૦૩.૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ માસ દિવસ |
| | | ૦ ૦ ૧૦ |

આંક–..........

## સુરતના મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ, મુ.સુરત

**જી.પી.આઈ.ડી. ફોજદારી પરચુરણ અરજી નં.૭૫/૨૦૨૬**

અરજદારઃ **યતિન રમેશચંદ્ર દેસાઈ,**
ઉ.આ.પર વર્ષ, ધંધોઃ વેપાર,
રહેવાસીઃ રાજેન્દ્રનગર સોસાયટી, જલારામ મંદિરની ગલી, સંતોષ ચોકડી પાસે, રાજપીપળા, નર્મદા; મૂળ રહે. ઘર નં.૭૧, આનંદ એપાર્ટમેન્ટ 'બી', પ્રિયદર્શની પાર્ક, ભક્તાશ્રમ સ્કૂલ સામે, નવસારી.

વિરુદ્ધ

સામાવાળાઃ **શ્રી સરકાર.**

**વિષયઃ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે જામીન અરજી.**

અરજદાર તરફે વિ.ધારાશાસ્ત્રીશ્રી કે. જે. પારેખ

સામાવાળા તરફે વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી આર.પી.ડોબરીયા

## <u>ચૂકા દો</u>

**(૧)** અરજદાર–આરોપીને પાલ પોલીસ સ્ટેશન પાર્ટ–'એ' ગુના રજિ. નં.૧૧૨૧૦૦૬૬૨૨૦૧૦૭/૨૦૨૨ ના કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૦૯, ૧૨૦(બી), ૩૪, ગુજરાત પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાયનાન્સીઅલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ ની કલમ–૩ તથા ધી પ્રાઈઝ ચીટ્સ મની સરક્યુલેશન સ્કીમ (બેનીંગ) એક્ટ, ૧૯૭૮ ની કલમ–૪, ૫, ૬ ના ગુના સબબ અટક કરવામાં આવેલ હોઈ, તેમણે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ હેઠળ નિયમિત જામીન મેળવવા માટે હાલની અરજી કરેલી છે.

**(૨)** હાલના ગુનાની સંક્ષિપ્તમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ 'વાયુ નેચર એગ્રો એન્ડ વેલનેસ એલ.એલ.પી. કંપની' ના નામે પ્રોડક્ટ વેચાણ આપવાના ઓથા હેઠળ રોકાણકારો પાસે કંપનીઓમાં રોકાણ કરાવી, આઈ.ડી. ધારકના હાથ નીચે બીજી આઈ.ડી. જનરેટ થાય તો કમિશન આપવાનું જણાવી, બાદમાં કંપની બંધ કરી રોકાણ થયેલ રકમ થકી પોતાનો આર્થિક ફાયદો સંતોષવાનો એકસમાન ઈરાદો પાર પાડવા અંગેનું ગુનાહિત કાવતરું રચી, તે કાવતરાના ભાગ રૂપે મોજે અડાજણ, પાલ, એપેક્ષ હોટલની સામે, બેલીઝીમો ખાતે ઓફિસ નં.૩૪૨ માં વાયુ નેચર એગ્રો એન્ડ વેલનેસ એલ.એલ.પી. કંપની શરૂ કરી, આરોપી યતિન દેસાઈ તથા લતાબેન ડાયરેક્ટર તરીકે, આરોપી સ્મીત મિસ્ત્રી એકાઉન્ટન્ટ તરીકે વહીવટી કામકાજ તેમજ આરોપી રાજેશ પાનસુરીયાએ કંપનીના પ્રોડક્ટ મેનેજર અને માર્કેટીંગનું કામ સંભાળેલ; આરોપી યતિન દેસાઈ તથા લતાબેન મિસ્ત્રીએ રોકાણકારોને તેમની કંપનીમાં રોકાણના બદલામાં કંપની

કોસ્મેટીક, હોમ કેર, વેલનેશ વગેરે પ્રોડક્ટ એમ.આર.પી. મુજબ આપવાની તથા રોકાણ કરેલ નાણાં ઓટોપુલ મુજબ એકથી દોઢ વર્ષમાં પાંચ ગણા રોકાણકારોના ખાતામાં જમા કરવાની લોભામણી વાતો કરી, તેમની કંપનીના અલગ-અલગ વળતર સ્લેબમાં ૧૨% કે તેથી વધુ ટકાવારી લેખે કમિશન આપવાની વાતો કરી, ફરિયાદી તથા શાહેદો પાસે લાખો રૂપિયાનું રોકાણ કરાવેલ. બાદમાં ફરિયાદી તથા અન્ય રોકાણકારોએ આરોપી યતિન દેસાઈ તથા અન્ય આરોપીઓ પાસેથી નાણાં પરત માંગતા આરોપીઓએ થોડો સમય રાહ જોવાની અને ત્રણેક મહિનામાં પૈસા પરત કરવા જણાવેલ, પરંતુ ત્યાર બાદ પણ તેઓએ પૈસા પરત ન કરી, ઓફિસ બંધ કરી, મોબાઈલ સ્વીચ ઓફ કરી નાસી ગયેલ અને તારીખઃ ૧૬.૦૫.૨૦૨૨ ના રોજથી કંપનીની વેબસાઈટ પણ બંધ કરી દીધેલ. જે સંબંધે આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૪૦૬, ૪૦૯, ૧૨૦(બી), ૩૪, ગુજરાત પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાયનાન્સીઅલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ ની કલમ-૩ તથા ધી પ્રાઈઝ ચીટ્સ મની સરક્યુલેશન સ્કીમ (બેનીંગ) એક્ટ, ૧૯૭૮ ની કલમ-૪, ૫, ૬ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગેની ફરિયાદ નોંધાયેલ છે.

(૩) હાલની જામીન અરજી સંદર્ભે આ કામના સામાવાળાને નોટિસ બજતા, ફરિયાદ પક્ષે વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી આર.પી. ડોબરીયા હાજર થયેલ છે. તપાસ કરનાર અધિકારીએ આંક-૪ થી રજૂ કરેલ સોગંદનામું વંચાણે લીધેલ છે. પક્ષકારોના વિ.વકીલશ્રીઓની રજૂઆત સાંભળી તેમજ રેકર્ડ વંચાણે લીધું.

(૪) અરજદાર–આરોપીના વિ.ધારાશાસ્ત્રીશ્રી દ્વારા રજૂઆત કરવામાં આવે છે કે, અરજદાર–આરોપી તદ્દન નિર્દોષ છે; કહેવાતો કોઈ ગુનો તેમણે કરેલ નથી; તેમના માત્ર શંકાના આધારે હાલના ગુનામાં અટક કરવામાં આવેલ છે; હાલના ગુનાની ફરિયાદ બે વર્ષના વિલંબ બાદ આપવામાં આવેલ છે, જે માટે કોઈ વાજબી ખુલાસો ફરિયાદી દ્વારા કરવામાં આવેલ નથી; અરજદાર–આરોપીનો કોઈ ગંભીર ગુનાહિત ઈતિહાસ નથી; અરજદાર–આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ રીકવર થયેલ નથી; સદર ગુનાની તપાસ પૂર્ણ થઈ ગયેલ છે અને નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે, આથી પુરાવા સાથે ચેડાં થવાનો કોઈ પ્રશ્ન નથી. સદર ગુનામાં અરજદાર–આરોપી આક્ષેપિત કંપનીના ડાયરેક્ટર હોવાની ભૂમિકા દર્શવવામાં આવેલ છે. સદર ગુનાના સમાન ભૂમિકા ભજવનાર સહઆરોપીને નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા જામીન મુક્ત કરવામાં આવેલ છે, આથી અરજદાર–આરોપીને પણ પેરીટી એટલે કે સમન્યાયના સિદ્ધાંતનો લાભ મળવાપાત્ર છે. વધુમાં અરજદાર–આરોપી અરજીમાં જણાવેલા સરનામે રહેતા આવેલ છે, તેઓ ક્યાંય નાસી–ભાગી જાય તેમ નથી. તેઓ સદર ગુનાની ટ્રાયલ દરમ્યાન નિયમિત હાજર રહેશે અને નામદાર કોર્ટ ફરમાવશે, તે તમામ શરતોનું પાલન કરશે. વધુમાં સદર ગુનાની ટ્રાયલ ચાલતા ઘણો સમય નીકળી જાય તેમ છે; આથી જો અરજદાર–આરોપીને જામીન મુક્ત કરવામાં ન આવે તો તેમને પ્રિટ્રાયલ કન્વીક્શન થાય તેમ છે. ઉપરોક્ત સઘળી હકીકતો ધ્યાને લઈ, અરજદાર–આરોપીને નિયમિત જામીન પર મુક્ત કરવા રજૂઆત કરેલ છે.

**(૪.૧)** અરજદાર–આરોપીના વિ.ધારાશાસ્ત્રીશ્રીએ તેમની ઉપરોક્ત રજૂઆતના સમર્થનમાં **આંક–૭** ના લીસ્ટથી નીચે જણાવેલા ચૂકાદાઓ રજૂ કરેલા છે, તે વંચાણે લીધાઃ–

**૧.** રમેશભાઈ બટુભાઈ ડાભી વિ. ગુજરાત રાજ્ય
૨૦૧૧(૩) જી.એલ.આર. ૧૯૯૯

**૨.** સંજય ચંદ્ર વિ. સી.બી.આઈ.
૨૦૧૨(૧) જી.એલ.એચ. ૯૩

**(૫)** સરકાર પક્ષે હાલની જામીન અરજીનો વિરોધ કરતા વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસિક્યૂટરશ્રીએ રજૂઆત કરેલ છે કે, અરજદાર–આરોપી આ ગુનાના મુખ્ય આરોપી છે. તેઓ આક્ષેપિત કંપનીના ડિરેક્ટરના પદ પર હતા અને તેમણે આ ગુનાના સહઆરોપીઓ સાથે મળી, અલગ–અલગ જગ્યાએ સેમીનાર ગોઠવી, લોકોને લાલચ આપી, ભરમાવી, લાખો રૂપિયાનું રોકાણ કરાવડાવી, બાદમાં કમિશન, પ્રોડક્ટ કે મૂળ રકમ પરત ન કરી તેઓ સાથે છેતરપીંડી કરેલ છે. શાહેદોના નિવદનો આધારે અરજદાર–આરોપીએ કુલ ₹૨,૭૨,૫૦,૦૪૯/– ની છેતરપીંડી કરેલ હોવાનું ખૂલેલ છે. રોકાણકારોએ જમા કરાવેલ રકમમાંથી માતબર રકમ અરજદાર–આરોપીના ખાતામાં જમા થયેલ છે. આમ, અરજદાર–આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુનાનો પ્રથમ દર્શનીય કેસ છે. અરજદાર–આરોપી હાલનો ગુનો દાખલ થયા બાદથી નાસતા–ફરતા હતા અને લાંબા સમય બાદ અટક થયેલ છે. આથી જો તેમને જામીન મુક્ત કરવામાં આવશે તો તે ફરી નાસી–ભાગી જાય, ટ્રાયલ સમયે હાજર ન રહે, ફરિયાદ પક્ષના શાહેદોને ધાકધમકી કે પ્રલોભન આપી ટેમ્પર કરે તેમજ ગુનાહિત પ્રવૃત્તિનું પુનરાવર્તન કરે, તેવી

શક્યતા છે. જેથી અરજદાર–આરોપીની હાલની અરજી નામંજૂર કરવા રજૂઆત કરેલ છે.

(૬) હાલની જામીન અરજી સંબંધે સૌપ્રથમ તો એ નોંધવું આવશ્યક છે કે, જામીન અરજીનો નિર્ણય કરતી વખતે વ્યક્તિ સ્વાતંત્ર્ય તેમજ સમાજ વ્યવસ્થા એમ બંને પાસાનો એકસાથે વિચાર કરવાનો રહે છે. બંને પક્ષોની ઉપરોક્ત રજૂઆતો સાથે તપાસ કરનાર અધિકારીનું આંક–૪ નું સોગંદનામું, રજૂ થયેલા દસ્તાવેજી પુરાવાઓ અને સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં એ સ્પષ્ટ થાય છે કે, આ ગુનાના આરોપીઓએ 'વાયુ નેચર એગ્રો એન્ડ વેલનેસ એલ.એલ.પી. કંપની' શરૂ કરી, તે કંપનીના નામે પ્રોડક્ટ વેચાણ આપવાના ઓથા હેઠળ રોકાણકારો પાસે કંપનીની જુદી જુદી સ્કીમોમાં માતબર રકમનું રોકાણ કરાવી, બાદમાં આરોપીઓએ સ્કીમ મુજબ, રોકાણકારોને કમિશન, પ્રોડક્ટ કે તેની મૂળ રકમ ન ચૂકવી, ઓફિસ બંધ કરી નાસી ગયેલ હોવાના અને અરજદાર–આરોપી ઉપરોક્ત કંપનીના ડાયરેક્ટર હોવાના આક્ષેપ મૂકવામાં આવેલ છે.

(૭) અત્રે એ હકીકત નોંધનીય છે કે, આ ગુનાના સહઆરોપી લતાબેન તે ધર્માભાઈ મિસ્ત્રીની દીકરી અને મુકેશભાઈ મિસ્ત્રીના પત્નીને નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા આર/ક્રિમિનલ મીસે. એપ્લીકેશન નં.૨૨૫૮૭/૨૦૨૫ ના કામે તારીખઃ ૦૩.૦૨.૨૦૨૬ ના રોજ નિયમિત જામીન પર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૮) આ તબક્કે નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલય સમક્ષના

**રમેશભાઈ બટુભાઈ ડાભી વિ. સ્ટેટ ઓફ ગુજરાત – ૨૦૧૧(૩) જી.એલ.આર. પાના નં.૧૯૯૯** ના ચૂકાદાના સિદ્ધાંત ધ્યાને લેવા જરૂરી છે. આ ચૂકાદામાં નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલયે ઠરાવેલ છે કે,

> ".... in the set of facts and circumstances almost similar or identical, when superior courts exercise the powers either under Sections 438 or 439 of the Code, the subordinate Courts are duty bound to consider the same and apply if the same sets of facts are in existences and unless there being any extra ordinary circumstances or striking dissimilarities exist to deviate from the law of parity, the Courts below should consider the same in accordance with law."

**(૯)** વધુમાં **સબિતા પોલ વિરુદ્ધ પશ્ચિમ બંગાળ રાજ્ય – ૨૦૨૪(૦) એઆઇજેઈએલ–એસસી ૭૩૪૩૮** ના ચૂકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, સમાનતાના આધારે જામીન આપવા, એ અધિકારનો દાવો નથી. સમાનતાના આ સિદ્ધાંતને લાગુ કરતી વખતે કોર્ટે જે આરોપીની જામીન અરજી રજૂ થયેલ છે, તેની સંબંધીત ગુનામાં ભૂમિકા ધ્યાને લેવી જરૂરી છે. સદર સિદ્ધાંત **તરૂણકુમાર વિરુદ્ધ આસિસ્ટંટ ડાયરેક્ટર, ડાયરેક્ટરોટ ઓફ એન્ફોર્સમેન્ટ, ૨૦૨૩ એસ.સી.સી. ઓનલાઈન એસ.સી. ૧૪૮૬** ના ચૂકાદામાં પણ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

**(૧૦)** વધુમાં નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલયે **પટેલ વિષ્ણુભાઈ શિવરામભાઈ વિરુદ્ધ ગુજરાત રાજ્ય ૨૦૦૪(૩) જી.એલ.એચ. ૨૯૭** ના

ચૂકાદામાં સમાનતાના સિદ્ધાંતનો પુનરોચ્ચાર કર્યો છે અને સમાન પરિસ્થિતિમાં રહેલા સહઆરોપીઓને મુક્ત કરવાની હકીકતને ધ્યાનમાં લેતાં આરોપીઓને જામીન આપ્યા છે.

**(૧૧)** હવે ઉપરોક્ત પ્રસ્થાપિત સિદ્ધાંતોને અનુલક્ષીને હાથ પરના કેસની વિગતો ધ્યાને લેવામાં આવે તો, આ ગુનાના જે સહઆરોપીને નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્ધારા જામીન મુક્ત કરવામાં આવેલ છે, તેમના કરતા હાલના અરજદાર–આરોપીની આ ગુનામાં ભૂમિકા વિશિષ્ટ રીતે ભિન્ન અથવા તો વધુ ઉગ્ર જણાતી નથી; જેથી નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ નામદાર ઉચ્ચ ન્યાયાલયના ઉપરોક્ત ચૂકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંતો આધારે અરજદાર–આરોપી સમાનતાના ધોરણે જામીન મેળવવા હક્કદાર બને છે. વધુમાં સદર ગુનાની તપાસ પૂર્ણ થઈ ગયેલ છે અને અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. પરીણામે ફરિયાદમાંના આક્ષેપો, અરજદાર–આરોપીની આ ગુનામાં ભૂમિકા, આક્ષેપિત ગુનાનો પ્રકાર, મહત્તમ સજાની જોગવાઈ તેમજ ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતાં, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે આ કોર્ટને મળેલ વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી અરજદાર–આરોપીની હાલની અરજી ચોક્કસ શરતોને આધીન મંજૂર કરવાનું ન્યાયોચિત જણાતું હોઈ, હું નીચે મુજબ હુકમ કરવો ન્યાયોચિત માનું છુંઃ–

## હુકમ

અરજદારની જી.પી.આઈ.ડી. ફોજદારી પરચુરણ અરજી નં.૪૫/૨૦૨૬ આથી **મંજૂર** કરવામાં આવે છે.

અરજદાર–આરોપી **યતિન રમેશચંદ્ર દેસાઈ**ને પાલ પોલીસ સ્ટેશન પાર્ટ–'એ' ગુના રજિ. નં.૧૧૨૧૦૦૬૬૨૨૦૧૦૭/૨૦૨૨ ના કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૦૯, ૧૨૦(બી), ૩૪, ગુજરાત પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાયનાન્સીઅલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ ની કલમ–૩ તથા ધી પ્રાઈઝ ચીટ્સ મની સરક્યુલેશન સ્કીમ (બેનીંગ) એક્ટ, ૧૯૭૮ ની કલમ–૪, ૫, ૬ ના ગુના સબબ તેઓ **₹૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પૂરા)** ના સદ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કર્યેથી નીચે નિર્દિષ્ઠ કરેલી શરતોને આધીન જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ–**

**૧.** અરજદાર–આરોપીએ હાલના ગુનાની ટ્રાયલ પૂર્ણ ન થાય ત્યાં સુધી આ કોર્ટની પૂર્વ પરવાનગી વિના ગુજરાત રાજ્યની હદ છોડવી નહીં.

**૨.** અરજદાર–આરોપીએ પોતાના હાલના અને કાયમી રહેઠાણના સરનામાનો પુરાવો જેમ કે, આધાર કાર્ડ, પાન કાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ, ચૂંટણી ઓળખપત્ર અને મોબાઈલ નંબર તપાસ કરનાર અધિકારી તેમજ સંબંધીત ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરવા તેમજ રહેઠાણ બદલવાના સંજોગોમાં નવું સરનામું તપાસ કરનાર અધિકારી તેમજ સંબંધીત ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરવું.

**૩.** સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન અરજદાર–આરોપીએ સંબધીત ટ્રાયલ કોર્ટ સમક્ષ નિયમિત હાજર રહેવાનું રહેશે.

**૪.** અરજદાર–આરોપીએ ફરિયાદી કે તેમના ઘરના કોઈ પણ સભ્યોનો કોઈ પણ પ્રકારે સંપર્ક કરવો નહીં કે ફરિયાદ પક્ષનાં શાહેદોને ગુનાની ઈન્સાફી કાર્યવાહીમાં તેઓ વિરુદ્ધ પુરાવા ન આપે, તે માટે ધાક–ધમકી, લાલચ, દબાણ કે પ્રલોભન આપવા નહીં કે અન્ય કોઈ પણ રીતે ફરિયાદ પક્ષના શાહેદોને ફોડવા નહીં.

**૫.** અરજદાર–આરોપીએ આ પ્રકારની કે અન્ય કોઈ પણ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિનું પુનરાવર્તન ન કરવું.

**૬.** અરજદાર–આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો, આ હુકમની તારીખથી દિન–૭ (સાત) માં પોતાનો અસલ પાસપોર્ટ જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામું રજૂ કરવું.

**૭.** અરજદાર–આરોપીના જામીનદારે જામીનખત રજૂ કરવાના સમયે પોતાના બે ફોટોગ્રાફ્સ રજૂ કરવાના રહેશે અને આ ફોટોગ્રાફ્સ છ મહિનાથી વધુ જૂના ન હોવા જોઈએ.

ઉપરોક્ત શરતો પૈકી કોઈ પણ શરતનો ભંગ થયેથી અરજદારને જામીન ઉપર મુક્ત કરવાનો આ હુકમ આપોઆપ રદ થયેલો ગણાશે.

જામીન અને જાતમુચરકા સંબંધીત અદાલત રૂબરૂ આપવા.

આ હુકમની યાદી સંબંધીત કોર્ટને તથા સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

ક્રિમિનલ મેન્યુઅલના પેરા–૨૫(એ) ની જોગવાઈ મુજબ, આ હુકમની એક નકલ અરજદાર–આરોપીને સંબંધિત જેલ ઑથોરીટી મારફત પૂરી પાડવી.

આ ચૂકાદો આજરોજ તારીખ: **૧૨મી** માહે **માર્ચ**, સને **૨૦૨૬** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહી/–
**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

DPP